## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આજે દિલ્હીમાં

ગાંધીનગર, તા. ૨૯

વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં યોજાનારી મુખ્યમંત્રીશ્રીઓ અને રાજ્યની વડી અદાલતોના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીઓની સંયુકત પરિષદમાં સહભાગી થશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલ શનિવાર, તા.૩૦ એપ્રિલ-૨૦૨૨ના નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે સવારે ૧૦ વાગ્યે યોજાનારી જોઈન્ટ કોન્ફરન્સ ઓફ ચીફ મિનીસ્ટર્સ એન્ડ ચીફ જસ્ટીસીઝ ઓફ હાઈકોર્ટસમાં સહભાગી થવા નવી દિલ્હી જશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાનારી આ કોન્ફરન્સમાં કાયદા મંત્રી શ્રી કિરન રિજ્જુ અને સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી એન. વી. રમણા સહિત દેશના રાજયોના મુખ્યમંત્રીશ્રીઓ અને રાજ્યની વડી અદાલતોના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીઓ પણ જોડાશે

## DoT દ્વારા ગુજરાતમાં ગ્રામીણ 5G ટ્રાયલ સેવાઓનું ટેકનિકલ પરીક્ષણ

ગાંધીનગર, તા. ૨૯

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT), ગુજરાત LSA ની ટીમે ૨૯.૦૪.૨૦૨૨ના રોજ, વોડાફોન આઈડિયા લિમિટેડ



(VIL) અને નોકિયાના ટેકનિકલ નિષ્ણાતો સાથે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઉનાવા ગામમાં ગ્રામીણ 5G તકનીકી અને કવરેજ પરીક્ષણ હાથ ધર્યું હતું. 8K સ્ટ્રીમિંગ વિડિયો ચલાવવા, વિડિયો કૉલિંગ, મોટી ફાઈલ ડાઉનલોડ વગેરે જેવી એપ્લિકેશનનું પણ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ટેલિકોમ એન્જિનિયરિંગ સેન્ટર (TEC)ના સમયપત્રક અને પ્રક્રિયા અનુસાર પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. TEC એ DoTની તકનીકી શાખા છે, જે ટેલિકોમ નેટવર્ક સાધનો અને સેવાઓના સંદર્ભમાં સામાન્ય ધોરણોના સ્પષ્ટીકરણને ફ્રેમ કરે છે. આ પરીક્ષણ શેડ્યૂલ અને પરીક્ષણ પ્રક્રિયાનો હેતુ 5Gમાં ઉપયોગના વિવિધ કેસોનું એકસમાન મૂલ્યાંકન કરવાનો છે, જે DOT હેઠળ ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ (TSPs) દ્વારા અજમાયશ કરવામાં આવે છે, જે કામગીરી અને આંતર કાર્યક્ષમતા સંબંધિત વ્યાપક પરિમાણોના માપન દ્વારા કરવામાં આવે છે.

ગઈકાલે, માનનીય સંચાર મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીએ એક મીડિયા વાર્તાલાપમાં કહ્યું હતું કે સરકાર જૂન ૨૦૨૨ની શરૂઆતમાં 5G સ્પેક્ટ્રમની હરાજી યોજવાની સંભાવના છે અને દેશમાં 5G સેવાઓનો રોલ આઉટ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં શરૂ થશે.

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT) ૨૭.૦૫.૨૦૨૧ના રોજ, ગુજરાતમાં 5G પરીક્ષણ માટે, નીચે મુજબ લાઈસન્સ અને સ્પેક્ટ્રમ ફાળવવામાં આવ્યા : ૧. વોડાફોન આઈડિયા લિમિટેડ ગાંધીનગરમાં (શહેરી માટે), માણસા (અર્ધશહેરી માટે) અને ઉનાવા, (ગ્રામીણ) નોકિયા સાથે સાધનો સપ્લાયર તરીકે. ૨. જામનગરમાં રિલાયન્સ જિયો ઈન્ફોકોમ (અર્ધ શહેરી/ ગ્રામીણ) સેમસંગ સાથે સાધનોના સપ્લાયર તરીકે. સ્પેક્ટ્રમ શરૂઆતમાં ૭ મહિના માટે ફાળવવામાં આવ્યું હતું જે વધુ ૭ મહિના માટે લંબાવવામાં આવ્યું હતું.

## પ્રાકૃતિક ખેતી આધારિત લીલો ઘાસચારો સંકુલ સાદરાની ગૌશાળામાં ખવડાવાય છે



ગાંધીનગર, તા. ૨૯

ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં ગૌશાળા વિભાગમાં આવેલી ગાયોને પ્રાકૃતિક ખેતી આધારિત લીલો ઘાસચારો ખવડાવવામાં આવે છે. રજકાના ઘાસમાં રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવતો નથી. શણ કે ઈક્કડનો લીલો પડવાશ બનાવી સેન્દ્રિય ખાતર જમીનને અપાય છે. જેમાં લીલા ઘાસચારા તરીકે રજકાના સાત-સાત વાઢ વાઢી ગાયોને પ્રાકૃતિક ખેતી આધારિત લીલો ચારો ખવડાવાય છે. આ ગાયોનું પ્રાકૃતિક દૂધ તરીકે ઓળખાય છે. આ પ્રાકૃતિક દૂધ સંકુલના કુમાર છાત્રાલયમાં આપી વિદ્યાર્થીઓને પુરૂ પાડવામાં આવે છે. સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ પટેલની સીધી દેખરેખ હેઠળ પ્રાકૃતિક ખેતી આધારિત લીલા ઘાસચારામાં રજકાની વાવણી-કાપણી કરવામાં આવી રહી છે. ગોવાળ જીવણ રબારી અને નીતા રબારી જેવા શ્રમયોગી લીલો ઘાસચારો મેળવી રહ્યા છીએ.

## ખૂણેખાંચરેથી

● જિલ્લા કલેકટર ઓફિસના રેકર્ડ ચકાસણી માટે મહેસુલ તપાસણી કમિશનરમાંથી આવેલ ઈન્સ્પેક્શન પૂર્ણ થયુ છે.

● મહેસુલ મંત્રીની રેઈડ દરમ્યાન પકડાયેલ નાયબ મામલતદાર ઈશ્વરભાઈ દેસાઈને કારણદર્શક નોટીસ તંત્ર દ્વારા પાઠવવામાં આવી છે.

● જિલ્લા કલેકટર કચેરીની મહેસુલ મંત્રીની મુલાકાત પછી આજે સન્નાટો વ્યાપેલો જોવા મળતો હતો.

● ૩ અને ૪ મે દરમ્યાન સે. ૨૨ના રંગમંચ પર યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે.

● દહેગામ તાલુકાના સાણોદામાં દૂધ મંડળીમાં ત્રાટકેલા તસ્કરોએ તિજોરી તોડી રૂ. ૭ લાખની રોકડ રકમની ચોરી કરતાં દહેગામ પંથકમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

● વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા આજે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની આખા દિવસની રિવ્યુ બેઠક યોજવામાં આવી હતી.

● જિલ્લાના ૩૦ જેટલા ગામોમાં આજે પણ બેંકોની સેવાઓ ઉપલબ્ધ નથી અને ત્યાં બેંક મિત્રો નીમી કામગીરી કરવામાં આવે છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સફાઈની કામગીરી યોગ્ય રીતે નહિ થતી હોવાની ફરિયાદો ઉઠી છે.

● સે. ૬ માં નવી વીજલાઈનો નાખ્યા પછી પૂરણ યોગ્ય રીતે નહિ થતુ હોવાનું તેમજ પેવર બ્લોક પણ તંત્ર દ્વારા લોકોને ફરીથી નહિ લગાવી આપતા હોવાની ફરિયાદો ઉઠી છે.

## મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં કર્ણાવતી યુનિ. દ્વારા વિનામુલ્યે મેડિકલ કેમ્પ યોજાયો



ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના મગોડી ખાતે આવેલ રાહેલબા વૃધ્ધાશ્રમમાં કર્ણાવતી હોસ્પિટલ ઉવારસદ દ્વારા નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં તબીબી હેડ ડૉ. રિચા ગોયેલે (પ્રાધ્યાપક એન્ડ હેડ.)ની ટીમ દ્વારા સિનિયર સિટીજનો અશક્તોની દરેક પ્રકારની દાંતની સારવાર કરવામાં આવી હતી. મોઢાની દરેક પ્રકારની બિમારીઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. તેમજ નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

## નિવૃત્ત આઈએએસ અધિકારી આર.એમ. જોશીના ધર્મપત્નીનું અવસાન



ગાંધીનગર, તા. ૨૯

નિવૃત્ત આઈએએસ અધિકારી, ગાંધીનગર નિવાસી આર.એમ. જોશીના ધર્મપત્ની દિવ્યપ્રભા રમેશચંદ્ર જોશીનું અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું રવિવાર ૧ મેના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦, બ્રહ્મભવન, રંગમંચ સામે, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે રાખેલ છે.

## પેથાપુર ચોકડી પાસે ડમ્પર-બાઈક વચ્ચે અકસ્માતમાં બે ને ઈજા

ગાંધીનગર, તા. ૨૯

પેથાપુર ચોકડી પર ડમ્પર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક પર સવાર બે વ્યક્તિ નીચે પટકાયા હતા. જેથી બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ ગયા હતા. જેમાં બાઈકચાલક અને પાછળ બેઠેલ વ્યક્તિને ફ્રેક્ચર હોવાનું નિદાન થયુ હતુ. બનાવ અંગે પેથાપુર પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર રજવાડી મંડપ પાછળ ખેતરમાં રહેતા ભરતસિંહ ભૂપતસિંહ ડાભી રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાત ચલાવે છે. જ્યારે બાઈક નં. જીજે-૧૮-ડીઈ-૫૮૫૯ નો ઉપયોગ ઘરના સભ્યો કરે છે. સવારના સમયે ફરિયાદી તેમજ તેમના મોટા બાપા બાઈક લઈને પેથાપુર ગામમાં શાકભાજી લેવા માટે નીકળ્યા હતા. જેમાં ફરિયાદી બાઈક ચલાવી રહ્યા હતા અને મોટા બાપા કનુજી ડાભી પાછળ બેઠા હતા. પેથાપુર ચોકડી પાસે રાંધેજા ચોકડી તરફથી આવી રહેલા ડમ્પરચાલકે અચાનક વળાંક મહુડી તરફ લેતા બાઈકને ટક્કર મારી હતી. જેથી બાઈક પર સવાર બંને નીચે પટકાયા હતા. અકસ્માતને પગલે નાગરીકો એકઠા થઈ ગયા હતા. ૧૦૮ને કોલ કરતા આવી જતા ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જ્યારે અકસ્માત બાદ ડમ્પર નં. જીજે.૩૫-ટી-૮૧૨૨ સાઈડમાં ઉભુ હતુ. જ્યારે ફરિયાદના મોટાબાપા ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેઓને માથાના ભાગે ફ્રેક્ચરનું નિદાન થયુ છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા દવા વગર રોગ મટાડવાનો કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૨૯

સેકટર-૭-એ વસાહત મંડળ અને ચતુરમાન ફાઉન્ડેશન દ્વારા તા. ૨૮ના રોજ દવા વગર રોગ મટાડવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજેશભાઈ પટેલે યોગ, યોગાહાર અને દવા વગર રોગ મટાડવાના પ્રયોગો ઉપર વાર્તાલાપ કર્યો હતો. ખોરાક ખૂબ જ ચાવીને ખાવા ઉપર તેમજ શાકભાજી ખાઈને શરીરની તંદુરસ્તી જાળવી રાખવાની વિવિધ માર્ગદર્શક બાબતો જણાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના હોદ્દેદારો જશવંત ગાંધી, અશોક પટેલ, અમિતભાઈ ચાવડા, ભદ્રેશભાઈ શાહ, જયશ્રીબેન રાવલ, યુગ ચાવડાએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ઈસનપુર મોટા સહકારી મંડળી ખાતે ખેડૂત શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૯

ઈસનપુર મોટાની સહકારી મંડળી ખાતે નાબાર્ડ, એડીસી બેંક, જીએસસી બેંક અને બાગાયત ખાતા દ્વારા સંયુક્તપણે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે ૧૫૦ જેટલા ખેડૂતોએ હાજરી આપી હતી. આ શિબિરમાં સૌપ્રથમ નાબાર્ડનાં એજીએમ વિશાલ શર્મા દ્વારા કૃષિ સિવાય અન્ય આવક જેમ કે ડેરી, મધમાખી ઉછેર, સોલાર ઊર્જા અને એગ્રો પ્રોસેસિંગનો ઉપયોગ કરી કઈ રીતે વધારાની આવક રળી શકાય તે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી અને ગામના વિકાસમાં નાબાર્ડ કઈ રીતે મદદરૂપ થઈ શકે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો. નાયબ બાગાયત નિયામક જે.આર. પટેલ, ગાંધીનગર દ્વારા ખેડૂતોને ખેતીનું ભુતકાળ, વર્તમાન અને ભવિષ્ય વિશે આંકલન કરાવી ભવિષ્યમાં રહેલ ખેતીની માંગથી પરિચીત કરાવવામાં આવ્યા. ખેતીમાં કંઈ રીતે વોટર હાર્વેસ્ટિંગ કરી પાણીના તળ ઊંચા લાવી શકાય તેના વિશે સમજણ આપવામાં આવી. ત્યારબાદ બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ જેવી કે કોલ્ડ સ્ટોરેજ, શોર્ટીંગ ગ્રેડીંગ મશીનરી, ડ્રીપમાં વોટર સોલ્યુબલ ફર્ટિલાઈઝર, કમલમ ફળના વાવેતરમાં સહાય, મધમાખી ઉછેરમાં સહાય, મિની ટ્રેક્ટર, પોટેટો પ્લાંટર, હાર્વેસ્ટર જેવા ઘટકોમાં ખેડૂતો સહાયનો લાભ કેવી રીતે લઈ શકે તેની સમજણ આપવામાં આવી. આ સિવાય સહકારી મંડળી દ્વારા પાઈલોટ પ્રોજેક્ટ તરીકે મંડળીનું શાકભાજી કલેક્શન યુનીટ બનાવી જાતે પેકિંગ કરીને વેચાણ કરવામાં આવે તો વધારે નફો રળી શકાય તેવો નવિન વિચાર પણ રજુ કરવામાં આવ્યો. આ સાથે બટાકામાં આવતી કૃમિનું નિરાકરણ કઈ રીતે કરી શકાય તેના વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. આ શિબિરમાં ખેડૂતો દ્વારા 'ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સિમમાં' સંકલ્પને સાર્થક કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો. આ શિબિરમાં નાબાર્ડના એજીએમ વિશાલ શર્મા, બાગાયત ખાતાના નાયબ બાગાયત નિયામક જે.આર. પટેલ અને બાગાયત અધિકારી ભરત આઈ. ચૌધરી, એડીસી બેંકના એજીએમ અંકુલ મહેસુરીયા અને સુરેશ પટેલ તેમજ જીએસસી બેંકના એજીએમ બિંદેશ લાલાણી ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ચરણસેવાનાં ભાગરુપે અંતિમધામ, ગાંધીનગર તથા ડમ્પીંગ સાઈટ ખાતે નિઃશુલ્ક સેવા કરવામાં આવી હતી. આ સેવાકાર્યમાં અરૂણભાઈ બુચ, શશિકાન્ત મોઢા, કિશોરભાઈ જીકાદરા, પ્રદીપ સોલંકી, મુકેશભાઈ શુકલ ઉપસ્થિત રહ્યા હતાં.

### આજે ગુજરાત સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૯

આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી મનીષ પાઠક દ્વારા તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૨, શનિવારના રોજ ,સાંજે ૬.૦૦ કલાકે, રા.વિ.પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ગુજરાત સ્થાપનાદિનની પૂર્વસંધ્યાએ 'જય જય ગરવી ગુજરાત' શીર્ષક હેઠળ ગુજરાત અને ગુજરાતી ભાષાનાં ગીતોની સંગીતમય પ્રસ્તુતિનું આયોજન કરવામાંઆવ્યુંછે. જેમાં ગાયક કલાકાર વિપુલ આચાર્ય, માયા દીપક, પ્રવીણ જોશી, નિહારિકા આચાર્ય, તેજસ ત્રિવેદી, સમતા મહેતા દ્વારા ગુજરાત વિશેના અને ગુજરાતી ભાષા વિશેના ગીતો પ્રસ્તુત થશે. સંગીત સંચાલન વિપુલ આચાર્ય કરશે અને કાર્યક્રમનું સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી કરશે.

## રવિવારે બલરામ મંદિર ખાતે મે મહિનાની પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં છેલ્લાં આઠ વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. મે માસની પુસ્તક પરબ તા.૧લી મે, રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ વાગ્યા દરમ્યાન શહેરના સેક્ટર-૧૨માં ઉમિયા મંદિર પાસે બલરામ મંદિર ખાતે યોજાશે. પુસ્તક પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો-સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક અને સામયિક વાંચવા લઈ જઈ શકશે.

પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક - બે વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. શિષ્ટ સાહિત્ય વાચન અને માતૃભાષા ગૌરવના પ્રસાર હેતુ આ પુસ્તક પરબ પ્રવૃત્તિ યોજવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોનેપુસ્તકપરબનોલાભલેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી છે.



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના ટ્રસ્ટી શ્રી સ્વસિદ્ધચરણદાસજી સ્વામી તથા પરમ ભગવદીય લાલજીભાઈ ભીમજીભાઈ સંઘાણી મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા તે નિમિત્તે પ્રાર્થના સભા યોજાઈ

## ભરણ-પોષણ કેમ આપતા નથી કહી યુવકને માર માર્યો

ગાંધીનગર, તા. ૨૯

શહેરના સેક્ટર-૨૫ સૂર્યનારાયણ સોસાયટીના ખુણા પાસે જે.સી.બી. લઈ ઉભા રહેલા યુવક પર તેના મોટાભાઈની સાસરી પક્ષના સભ્યોએ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી જેસીબી મશીનના કાચ તોડી નાંખતા સેક્ટર-૨૧ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે. સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૨૪ ઈન્દિરાનગર ખાતે રહેતા ૨૬ વર્ષિય નરસિંહ રામાજી વણઝારા પરિવાર સાથે રહે છે અને ડ્રાઈવીંગ કરી જીવન ગુજારે છે. ગજરોજ સવારના ૯ વાગ્યાના સમયમાં ફરિયાદી જેસીબી લઈ સે. ૨૫ સૂર્યનારાયણ સોસાયટીના ખુણા પાસે ઉભા હતા ત્યારે કડી કરણનગર ખાતે રહેતા સુરેશ વણઝારા, મુકેશ વણઝારા, દિનેશ વણઝારા, અર્જુન વણઝારા બે ગાડી લઈને આવ્યા હતા. આ શખ્સોએ ફરિયાદીને કહ્યું હતું કે તારા ભાઈ ધર્મેશ થીરાજી વણઝારા વિરૂદ્ધ મારી બહેન જમનાબહેને કેસ કર્યો છે. તેનુ પુરેપુરૂ ભરણપોષણ કેમ આપતા નથી તેમ કહી શખ્સોએ ફરિયાદીને ગાળાગાળી કરી ઝપાઝપી કરી જે પૈકી સુરેશ વણઝારાએ ગાડીમાંથી લોખંડની પાઈપ માથાના ભાગે મારતા ઈજા પહોંચી હતી. જેસીબીના કાચ તોડી ઝઘડો થતા આસપાસમાંથી નાગરીકો દોડી આવ્યા હતા. જેથી શખ્સો ગાડી લઈ નાસી ગયા હતા. શખ્સોએ જતા જતાં તારા ભાઈને કહી દેજે કે અમને ભરણપોષણના પૈસા આપી દે નહીતર તને અને ઘરના અન્ય સભ્યોને જાનથી મારી નાંખીશુ. બનાવ અંગે સેક્ટર-૨૧ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે.

## શ્રી આનંદ ટ્રસ્ટ કડી દ્વારા યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી આનંદ ટ્રસ્ટ કડી સતગુરુદેવ હરીહરાનંદજીના સાંનિધ્ય સંચાલન હેઠળ ત્રિદીવસીય ધ્યાન યોગ શિબિરનું આયોજન આગામી તારીખ ૧૪, ૧૫, ૧૬ના રોજ યોજાશે. ઈચ્છુક સાધક મિત્રોએ આગામી ૮મી સુધીમાં ડિકે આનંદનો સંપર્ક કરીને નામ નોંધાવી લેવા અખબારી યાદીમાં જણાવાયું છે. સંપર્ક નંબર ૮૭૩૨૯૯૩૦૩૪ અને શિબિરનું સ્થળ કલ્યાણધામ રખિયાલ-ગાંધીનગર ખાતે યોજાશે અને શિબિરમાં ભાગ લેનાર સાધકોએ ૧૩ તારીખે સાંજે આવી જવા માટે અખબારી યાદીમાં જણાવાયું હતું.

## પોલીસ ભરતીમાં બિન અનામત કેટેગરીના ઉમેદવારોને અન્યાય થયાનો દાવો

**એએસઆઇ-પીએસઆઇના પરિણામમાં ભરતી બોર્ડ દ્વારા બિન અનામત ઉમેદવારોને બાકાત રાખ્યાં હોવાનો દિનેશ બાંભણીયાનો આક્ષેપ : જનરલ કેટેગરીના ૧૧૦૦ ઉમેદવારોને અન્યાય થયો હોવાનો દાવો**

ગાંધીનગર, તા.૨૯

છેલ્લા કેટલાક સમયથી સરકારી ભરતીઓ કોઈને કોઈ પ્રકારે વિવાદમાં સપડાઈ રહી છે જેના કારણે સ્પર્ધાત્મક પરીક્ષાના યુવા ઉમેદવારોમાં ખાસ્સી નારાજગી પ્રવર્તી રહી છે. તાજેતરમાં પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાયેલી એએસઆઈ-પીએસઆઈનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે તેમાં જાણી જોઈને ઈરાદાપૂર્વક બિન અનામત ઉમેદવારોને બાકાત રાખવામાં આવ્યાં હોવાનો આક્ષેપ પાટીદાર અનામત આંદોલન સાથે સંકળાયેલા પૂર્વ નેતા દિનેશ બાંભણીયા દ્વારા કરવામાં આવ્યો હતો. આ અંગે તેમણે રાજ્ય ગૃહમંત્રી સમક્ષ પણ રજુઆત કરવામાં આવશે અને તેમ છતાં જો સત્વરે ઉકેલ નહીં આવે તો ગાંધી ચિંધ્યાં માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

આજે ગાંધીનગરમાં સેક્ટર-૧૧માં અખબાર ભવન પાસે પત્રકારોને જણાવતાં દિનેશ બાંભણિયાએ કહ્યું હતું કે "તાજેતરમાં પોલીસ ભરતી બોર્ડ દ્વારા એએસઆઈ-પીએસઆઈનું



પરિણામ જાહેર કરવામાં આવ્યું છે તેમાં જાણી જોઈને ઈરાદાપૂર્વક બિન અનામત ઉમેદવારોને બાકાત રાખવામાં આવ્યા છે. આર.આર. તથા નોટિફિકેશન જોયા પછી અમે કહી રહ્યા છીએ કે ૧૮૯ જેટલા ઉમેદવારોને પાસ કરાયા છે. આવું પ્રથમવાર બન્યું છે એની અમે સરકારને જાણ કરીએ છીએ, અમારો ઈરાદો એવો છે કે કોઈપણ કેટેગરીને અન્યાય ન થાય. ભરતી બોર્ડ દ્વારા બિન અનામત કેટેગરીની ગણતરીમાં એસસી, એસટી, ઓબીસીને સમાવવાને લીધી ૧૧૦૦ જેટલા જનરલ ઉમેદવારોને બાકાત કરાયા છે. ભૂતકાળમાં આ પ્રકારના બનાવોને લીધે ચાર જેટલા એલઆરડી ઉમેદવારોએ આપઘાત કર્યા છે અને એક એલઆરડી ઉમેદવારે એસિડ પીધું હતું. અમે ગૃહ મંત્રી પાસે સમય માગ્યો છે અમે ન્યાયપૂર્ણ રજૂઆત કરીશું, જેતે કેટેગરી મુજબ ના ઉમેદવારો ને તેમની કેટેગરીમાં લેવાથી તમામ વર્ગના ઉમેદવારોને ફાયદો થાય તેમ છે, ભૂતકાળમાં ૧૫ ગણા પાસ કરવાનો અમે વિરોધ કર્યો હતો તે બાકાત થયું છે, હવે રનીંગ પહેલા રાખવામાં આવ્યું માટે આવું બન્યું છે. તાજેતરના પરિણામમાં કોઈ ફેરફાર થશે નહિ તો અમે ગાંધી ચિંધ્યા માર્ગે વિદ્યાર્થીઓને ન્યાય અપાવીશું અને બે ત્રણ દિવસમાં ન્યાય નહિ મળે તો અમે આંદોલન પણ કરીશું, બિન અનામત કેટેગરીમાં અન્ય કાસ્ટના ઉમેદવારોનો સમાવેશ થવો ન જોઈએ.